R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 29 DATE: 20-07-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## એનઆઇએ સુધાર ખરડાને લોકસભામાં બહુમતીથી પાસ કરાયો

લોકસભામાં ભારે ઉગ્ર ચર્ચા બાદ એનઆઈએ સુધાર ખરડાને બહુમતીએ પસાર કરી દેવામાં આવ્યો હતો. એનઆઈએ ખરડાની તરફેણમાં ૨૮૭ વોટ તો તેની વિરુધ્ધ ૬ વોટ પડયા હતા.ખરડા પર લેવાયેલા તમામ સુધારા પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યા હતા.આ ખરડો પસાર થયા પછી રાષ્ટ્રીય તપાસનીશ એજન્સી વિદેશમાં ક્યાંય પણ ગંભીર ગુનાના કેસોની તપાસ અને નોંધણી કરી શકશે. ગૃહરાજયમંત્રી રેડ્ડીએ લોકસભામાં એનઆઈએ સુધારા ખરડાને રજુ કરતાં કહ્યુ હતું કે આજે જયારે દેશ અને દુનિયાને આતંકવાદના ખતરાને પહોચી વળવાનું છે ત્યારે એનઆઈએ સુધાર ખરડાનો ઉદ્દેશ તપાસનીસ એજન્સીના હાથ મજબુત કરવાના છે. આ ખરડો પસાર થયા બાદ તપાસ એજન્સીને વધારે સત્તા અને મજબુતી મળશે. અને તે વિદેશમાં જઈને આતંકવાદ વિરુધ્ધ તપાસ કરી શકશે.

## ચીનનો જીડીપી વૃધ્ધિદર ૨૭ વર્ષના તળીયે, ઘટીને ૬.૨ ટકા થઇ ગયો : અમેરિકા સાથે ટ્રેડવોરની કિંમત ચીને ચુકવી

ચીનનો બીજા ક્વાટરનો જીડીપી વૃધ્ધિદર ૬.૨ ટકા થઈ ગયો હતો. જે છેલ્લા ૨૭ વર્ષમાં સૌથી નીચે આવી ગયો છે. ચીનની સરકારે જ સત્તાવાર રીતે આ જાહેરાત કરી હતી.અમેરિકા સાથે ટ્રેડ વોરની કિંમત ચીને ચુકવવી પડી રહી છે અને બીજી તરફ વૈશ્વીક માંગ પણ ઘટી ગઈ છે. જેને કારણે ચીનના અર્થતંત્ર પર સીધી અસર થઈ ચે. ચીનનો જીડીપી વૃધ્ધિદર ૨૦૧૯ના પ્રથમ ક્વાટરમાં ૬.૪ ટકા હતો જે ઘટીને બીજા ક્વાટરમાં(એપ્રીલ-જુન)માં ૬.૨ ટકાથઈ ગયો હતો.છેલ્લા ૨૭ વર્ષમાં પહેલી વાર ચીનનો વૃધ્ધિદર આટલા નીચા સ્તરે સરકી ગયો છે.વધારે ચિંતાજનક સ્થિતિ એટલા માટે છે કારણકે ૨૦૦૯ની વૈશ્વિક મંદી વખતે વૃધ્ધિદર ૬.૪ટકાથી નીચે ગયો.ચીનનું અર્થતંત્ર મોટાપાયે નિકાસ પર નિર્ભર હોવાથી વૈશ્વિક નરમાઈની પણ અસર થઈ હતી.

ચીનના નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટીક્સ ના જણાવ્યા પ્રમાણે જુનના અંતે પુરા થયેલા છ મહિનાના ગાળામાં ચીનનો જીડીપી વૃધ્ધિદર ૬.૩ ટકા રહ્યો હતો અને ૪૫.૦૯ લાખ કરોડ યુઆન(અંદાજે ૬.૫૬ લાખ કરોડ ડોલર થયો હતો.

## અમેરિકામાં ગેરકાયદેસર વસતા ઇમીગ્રેન્ટસ પર પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડા




અમેરીકી પ્રમુખ ટ્રમ્પના આદેશ બાદ ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એનફોર્સમેન્ટ દ્વારા ૧૦ શહેરોમાં દરોડા પાડવામાં આવ્યા છે.બીજી તરફ જે ઈમીગ્રન્ટસ અહીયા ગેરકાયદે રહે છે તેઓ અનાજ,કરિયાણુ અને બીજી જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ ભેગી કરી રહ્યા છે. બીજી તરફ સ્થાનિકો અને વિવિધ જગ્યાઓએ ચર્ચમાં આવા લોકોને આશરો આપવામાં આવી રહ્યો છે. સ્થાનિક લોકો દ્વારા આવા અમાનુષી આદેશનો વિરોધ પણ કરાઈ રહ્યો છે.

## દેશના કાયદેસરના નાગરિકોને પાછા જવાનું કહેવું યોગ્ય નથી : રિપબ્લીકન પક્ષ

ચાર મહિલા ડેમોક્રેટસ સાંસદોને તેમના દેશમાં ચાલ્યા જવાની ટ્રમ્પની ચેતવણી બાદ ખુદ રાષ્ટ્રપ્રમુખની પાર્ટી રિપબ્લીકન નેતાઓએ એવું કહ્યુ હતું કે કોઈને પાછા જવાનું કહેવું બરાબર નથી. રિપબ્લીકન નેતા એલીસ સ્ટેફનિકે ટ્વીટ કરીને જણાવ્યુ કે ડેમોક્રેટસ નેતાઓ પરની રાષ્ટ્રપ્રમુખની ટિપ્પણી અયોગ્ય અને અનિચ્છનીય અને ખોટી છે. અમેરિકાના કાયદેસરના નાગરિકોને તેમના મુળ દેશમાં ચાલ્યા જવાનું કહેવું અસ્વીકૃત છે. ચાર મહિલા સાંસદ અમેરિકાના નાગરિક છે. તેમને જન્મ અમેરિકામાં થયો છે. રિપબ્લિકન સેનેટર સુસાન કોલિન્સે જણાવ્યુ કે હાઉસ ડેમોકટસના નેતાઓની ટિપ્પણી અને વિચારો સાથે તેઓ સંમત નથી. પરંતુ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ડેમોક્રેટસ પરની ટિપ્પણી અયોગ્ય છે. અને તેમણે તે પાછી ખેચવી જોઈએ.



ટ્રમ્પની ડેમોક્રેટસને ચેતવણીઃ 'અમેરિકા પસંદ ન હોય તો જતા રહો' અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચાર મહિલા ડેમોક્રેટસ સાંસદોને ચેતવણી આપતાં કહ્યુ કે તેમને અમેરિકા પસંદ ન હોય તો તેમના દેશમાં જતા રહે.

અમેરિકી પ્રમુખે ચાર ડેમોક્રેટ મહિલા સાંસદો વિરુધ્ધ વંશીય ટિપ્પણી કરી હતી.તેમને વંશવાદી કહીને નિંદા કરતી રહેતી ચાર ડેમોક્રેટ સાંસદો પર કટાક્ષ કરતાં તેમને 'પ્રગતિશીલ ડેમોક્રેટ કોગ્રેસ વુમન'કહીને સંબોધન કર્યુ હતું. આ મહિલા સાંસદો જે દેશમાંથી આવ્યા હોય તે દેશમાં પરત જવું જોઈએ.અમેરિકામાં વસી રહેલા અનેક પ્રવાસી સમુદાયો માટે ટ્રમ્પનું આ નિવેદન ખતરારુપ છે.જં ડેમોક્રેટ સાંસદ મહિલાઓ વિરુધ્ધ ટ્રમ્પે વંશીય ટીપ્પણી કરી છે તેમાં ન્યુયોર્કના એલેકઝાન્ડ્રીયા ઓકોસીયો- કાર્તેજ, મીનીસોટાના ઈલ્હાન ઉમર, મિશિગનના રશીદા તલૈબ અને મેસચ્યુએટ્સના અયાના પ્રેસ્લેનો સમાવેશ થાય છે. આ ચારેય મહિલા પહેલીવાર અમેરિકી કોગ્રેસ(સંસદ)ની સભ્ય બની છે.

અમેરીકી પ્રમુખે ટ્વિટર પર કટાક્ષ કરતાં કહ્યુ હતું કે આ પ્રગતિશીલ ડેમોક્રેટ કોગ્રેસ મહિલા સભ્યો જે દેશમાંથી આવ્યા છે ત્યાંની સરકારો સંકટમાં છે. અને ભ્રષ્ટ છે અને હવે તે લોકો અમેરિકા જેવા વિશ્વના સૌથી શક્તિશાળી મહાન દેશને સરકાર કેવી રીતે ચલાવવી તે સમજાવી રહ્યા છે. તેઓ અમેરિકી લોકોને ઉશ્કેરી રહ્યા છે.પોતે જે દેશમાંથી આવ્યા છે તે અપરાધોથી ભરેલા અને સંકટનો સામનો કરી રહેલા દેશમાં તેઓ પાછા કેમ જતા નથી. તેમણે પોતાની સરકારોને પુરી રીતે ખતમ કરવામાં મદદ કરવી જોઈએ. રમખાણોથી પીડાઈ રહેલા પ્રદેશોમાં પહોચીને હકીકતો નિહાળવી જોઈએ. તે પ છી અમેરિકા આવીને સમજાવે કે તેમણે આ બધું કઈ રીતે કર્યુ.

રસીદા તલૈબનો જન્મ ડેટ્રોઈટમાં થયેલો છે. અમેરિકી કોગ્રેસમાં પહોચનારી પેલેસ્ટાઈન મુળની તે પ્રથમ મહિલા છે. તો ઈલ્હાન ઉમર સોમાલીયા મુળની છે. બાળપણમાં જ શરણાર્થીના રુપમાં અમેરિકા આવી હતી.કોગ્રેસમાં પહોચનારી પ્રથમ અશ્વેત મહિલા છે. એલેકઝાન્ડ્રીયા ઓકાસિયો મુળ પ્યુતોરિકા મુળના છે. અને તેમનો જન્મ ન્યુયોર્કમાં થયેલા છે.મસેચ્યુએટ્સમાંથી કોગ્રેસમાં પહોચનારા પ્રથમ આફ્રિકી-અમેરિકી મહિલા છે.આ ચારેય મહિલા સાંસદને કેટલાક 'સ્કોડ' કહીને સંબોધે છે. ચારેય ડેમોક્રેટ મહિલા સાંસદ ટ્રમ્પની નીતિઓના ટીકાકાર છે.ટ્રમ્પનું આ મહિલા સાંસદોને કહેવું છે કે પહેલા જે દેશમાંથી આવ્યા છો તે દેશમાં પાછા ફરીને સ્થિતિ સુધારો, તેદેશને તમારી જરુર છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ભારતીય રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનરો અને અધિકારીઓ જે બાબતે સંમત નહોતા તે સરકારે જાલન કમિટી પાસે કરાવી દીધું. દેશની કેન્દ્રીય બેન્ક એવી રિઝર્વ બેન્ક પાસે આશરે ૯ લાખ કરોડ રુપીયાનું સરપલ્સ ફંડ છે અને આ ફંડને સરકારને ટ્રાન્સફર કરવાના મુદ્દે ગયા વર્ષે ડિસેમ્બરમાં બનાવવામાં આવેલ બિમલ જાલન કમિટીએ ફાઈનક રિપોર્ટ તૈયાર કરી દીધો છે.અને ન્યુઝ એજન્સીઓએ સાધનોના હવાલે જણાવ્યું છે કે આ કમિટિએ આગામી ૩ થી ૫ વર્ષમાં અલગ અલગ હિસ્સામાં સરકારને આ ફંડ ટ્રાન્સફર કરવાની ભલામણ કરી છે. આરબીઆઈ કેપિટલ રિઝર્વ વિશે જાલન કમિટીની છેલ્લી બેઠક થઈ હતી. જો કે આ કમિટિએ કેટલી રકમ ટ્રાન્સફર કરવાની ભલામણ કરી છે તેની જાણકારી નથી.

સરકારની બજેટ ખાદ્ય કેવી રીતે પુરવી તે એક મોટો સવાલ હતો જેઆરબીઆઈનું સરપ્લસ ફંડ મળે તો તેનાથી સરકારની બજેટ ખાદ્યને કાબુમાં રાખવામાં મદદ મળશે.આ સિવાય સરકારને આરબીઆઈ પાસેથી આ વર્ષે ડિવિડન્ડના રુપે રુ.૯૦,૦૦૦ કરોડ મળવાના છે.૨૦૧૮માં આ રકમ રુ.૬૮,૦૦૦ કરોડ હતી. આરબીઆઈના રિઝર્વ ફંડને નક્કી કરવા માટે ૧૯૯૭માં વી. સુબ્રમણ્યમ કમિટી,૨૦૦૪માં ઉષા થોરાટ કમિટી, અને ૨૦૧૩માં વાય.એસ માલેગાંમ કમિટી બનાવવામાં આવી હતી.

ટુંકમાં સરકારને પોતાની પાસે નાણાંનો અભાવ હોવાથી અનેક યોજનાઓ પુરી કરવામાં નાણાંખેચ પડી રહી છે. અને આવકના સ્ત્રોત્રો રહ્યા નથી. વધુ ટેક્સ નાંખીને પણ તેઓ લોકોને નારાજ કરી શકે તેમ નથી. તેથી માત્ર આરબીઆઈના સરપ્લસ ફંડનો ઉપયોગ કરીને સરકાર તેમની આકાંક્ષાઓને પુરી કરી શકે છે.

મોદી સરકાર વિશ્વનુ સૌથી મોટું બજેટ બનાવવાની તમન્ના રાખે છે તેથી બજેટમાં જે કાઈ જોગવાઈઓ કરવી ઘટે તે માટેસરપ્લસ ફંડની આવશ્યકતા ઉભી થાય તો તેના માટેના ઉજળા સોર્સ તરીકે આપણી રિઝર્વ બેન્ક સહેલો અને સરળ વિકલ્પ હતો જેને કમિટિના રિપોર્ટે સરળ બનાવી દીધો છે.

## જાણવા જેવું !

ડોલ્ફીન સાઈઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.
મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઈંડા મુકે છે.
ઘોડાને ચાલીસ દાંત હોય છે અને ધોડીને છત્રીસ દાંત હોય છે.
ચિલોત્રા નામના પક્ષીની ચાંચ,તીક્ષ્ણ હોવાથી તેનો ઉપયોગ નકશીકામ માટે કરવામાં આવે છે.
જીરાફની જીભ ૨૧ ઈચ લાબી હોય છે.
વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.
વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.
૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# એડીસી બદનક્ષી કેસમાં રાહુલ ગાંધી મેટ્રો કોર્ટમાં હાજર થયા : પર્સનલ બોન્ડ પર જામીન પર મુક્ત

નોટબંધી વખતે એડીસી બેન્ક દ્વારા પાંચ દિવસમાં ૭૪૫ કરોડની નોટો બદલવાના મુદ્દે રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યા હતા. અને રણદીપ સુરજેવાલાએ પ્રેસ ફોન્કરન્સ કરી હતી. આ મામલે એડીસી બેન્ક દ્વારા રાહુલ ગાંધી અને રણદીપ સુરજેવાલા સામે બદનક્ષીની બે ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. જેમાં મેટ્રો કોર્ટે સમન્સ ઈસ્યુ કરતાં કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી કોર્ટમાં હાજર રહ્યા હતા.એ.ચીફ મેટ્રો. મેજી.એન.બી.મુનશીએ પ્લી રેકર્ડ કરતાં પુર્વે પૃચ્છા કરી હતી કે ગુનો કબુલ છે. ત્યારે રાહુલ ગાધીએ ઈન્કાર કરીને કેસની સુનાવણી ચલાવવા માટે કહ્યુ હતું.બીજી તરફ ફરિયાદ પક્ષે રાહુલ ગાંધીને જામીન લેવા પડે તેવો કાયદાકીય મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. જેથી કોર્ટે રાહુલ ગાંધીને રુ. ૧૫૦૦૦ના પર્સનલ બોન્ડ પર જામીન મુક્ત કર્યા હતા. આ મામલે વધુ સુનાવણી૭ મી સપ્ટે. થશે.



એડીસી બેન્કના ચેરમેન અજય પટેલ અને બેકે કોગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધી અને કોગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા રણદીપ સુરજેવાલા સામે આઈપીસીની કલમ ૫૦૦ મુજબ કોર્ટમાં બે ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદ બાદ કોર્ટે સીઆરપીસીની કલમ ૨૦૨ મુજબ તપાસનો આદેશ કર્યો હતો.જેમાં ફરિયાદી અને સાક્ષીના નિવેદન બાદ રાહુલ ગાંધી એ રણદીપ સુરજેવાલા સામે કોર્ટે સમન્સ ઈસ્યુ કર્યો હતા. આ મામલે રાહુલ ગાંધીને સમન્સની બજવણી થઈ હતી. જ્યારે રણદીપ સુરજેવાલાને સમન્સની બજવણી થઈ નહોતી.રાહુલ ગાંધીને સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયા હતા.કોર્ટે તેમને પૃચ્છા કરી હતી કે તમામ દસ્તાવેજ મળી ગયા છે. ત્યારે તેમના વકીલે ટ્રાન્સલેટ કોપી નતી મળી તેવું જણાવ્યુ હતું પછી કોર્ટે રાહુલને પુછ્યુ હતું કે તેમને ગુનો કબુલ છે. ત્યારે રાહુલે તેનો ઈન્કાર કર્યો હતો. અને કોર્ટે તેમનું સ્ટેમેન્ટ રેકોર્ડ કરીને હાજરી ભરી કેસ આગળ ચલાવવાની કાર્યવાહી હાથ ધરી હતી

# ૨૦૧૯-વાઇબ્રન્ટમાં ગુજરાત સરકારે પાર્ટનર દેશ તરીકે જોડાવા માટે ૨૫ દેશને ઓફર કરી હતી પરંતુ ૧૦ દેશે પાર્ટનર તરીકે જોડાવા ના પાડી હતી

રાજયમાં ૨૦૧૯ના જાન્યુઆરીમાં યોજાયેલા વાઈબ્રન્ટ સમિટમાં પાર્ટનર દેશ તરીકે જોડાવા માટે અમેરિકા,બ્રિટન જેવા મોટા દેશોથી લઈને ઈથોપીયા જેવા નાના દેશ મળીને કુલ ૧૦ દેશોએ ઈન્કાર કર્યો હતો.વિધાનસભામાં અપાયેલી એક માહીતીના આધારે આ ઘટસ્ફોટ થયો હતો.ગુજરાત સરકાર દ્વારા કુલ ૨૫ દેશને સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા માટે ઓફર મોકલાઈ હતી.તેમાંથી ફક્ત ૧૫ દેશ જોડાવવા માટે તૈયાર થયા હતા.

જે દેશોએ પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવાનો ઈન્કાર કર્યો હતો તેમાં બ્રિટન,બ્રાઝિલ,સિંગાપોર, મલેશીયા, ઓમાન, અમેરિકા,સ્વીડન, રશિયા, ઈથોપીયા,અને જર્મનીનો સમાવેશ થાય છે. વહીવટી તંત્ર દ્વારા વાઈબ્રન્ટ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવવા અનેક દેશ તૈયાર છે તેવા દાવા વહીવટી તંત્ર દ્વારા તે સમયે કરાયા હતા તેની આ વાસ્તવિકતા બહાર આવવા પામી હતી.ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હતી.

# ભાજપના પુર્વ સાંસદને હત્યા કેસમાં આજીવન કેદની સજા

જુનાગઢના આરટીઆઈ એક્ટીવીસ્ટ અમિત જેઠવાની સોલા હાઈકોર્ટ પાસે ગોળી મારીને હત્યા કરવાના પ્રકરણમાં ભાજપના પુર્વ સાંસદ દિનું બોઘા સોલંકી.તેમજ તેમના અન્ય સાથીદારોને સ્પે. સીબીઆઈ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.કોર્ટે સાત આરોપીને સજા ઉપરાંત ૨૫ હજારથી લઈને ૧૫ લાખ સુધીનો દંડ કર્યો હતો.આ કેસમાં ફરી ગયેલા સાક્ષીઓ સામે કાર્યવાહી કરવા માટે પણ કોર્ટે આદેશ જારી કર્યો હતો.

# ગોવામાં કોગ્રેસના ૧૦ એમએલએ રાજીનામાં આપી ભાજપમાં જોડાયા

ગોવામાં કોગ્રેસ ના ૧૫ સભ્યોમાંથી ૧૦ સભ્યો પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ ગયા છે.ગોવામાં અત્યારે ભાજપની સરકાર છે૨૦૧૭માં થયેલી વિધાનસભાની ચુંટણીમાં સૌથી મોટા પક્ષ કોગ્રેસના સભ્યો એમએલએ તરીકે ચુંટાયા હતા.પરંતુ તેમને સરકાર રચવાની તક જ મળી નહીં.ગોવામાં ૪૦ સભ્યોની વિધાનસભામાં કોગ્રેસના ૧૫ સભ્યો પૈકી ૧૦ ભાજપમાં જોડાઈ ગયા છે.કેન્દ્રમાં ભાજપની સરકાર હવે બીનભાજપી રાજ્યોમાં તક ઝડપશે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# રાજકીય પક્ષોને વિદેશથી મળતા દાનની માહીતી આપવી પડશે

રાજકીય પક્ષોને હવે વિદેશમાંથી મળતા દાનની માહીતી આપવાની રહેશે. જો કે તેમને અગાઉ મળેલા વિદેશી દાનની માહીતી આપવાની રહેશે નહીં. ગત અઠવાડીયે રજુ કરાયેલા બજેટમાં આને સબંધિત જોગવાઈ કરવામાં આવી છે. રાજકીય પક્ષો પર નજર રાખતી સંસ્થા એસોસીએશન ઓફ ડેમોક્રેટિક રાઈટ્સ એડીઆર દ્વારા તાજેતરમાં જારી કરાયેલા રીપોર્ટમાં એવી માહીતી હતી કે પક્ષોને વિદેશોમાથી મળતા દાન પર અનેક પ્રકારની ગરબડ થઈ હતી. દાન આપતી કંપનીઓના રેકોર્ડ અને દસ્તાવેજ અધુરા હતા. એવા પણ અહેવાલ હતા કે દાનની સૌથી વધુ રકમ ભાજપને મળી હતી. આ રિપોર્ટ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં મળેલા દાન પર આધારિત હતા.

એ રિપોર્ટ બાદ રાજકીય દળોને મળતા વિદેશી દાન અંગે સવાલો ઉઠી રહ્યા છે. આજ કારણ છે કે હવે આ મામલે સરકારે પગલું ભર્યું છે. હવે નવી જોગવાઈથી પક્ષોને સત્તાવાર રીતે વિદેશી દાનની વિગત આપવી પડશે. જો કે અગાઉના વિદેશી દાનની જાણકારી ક્યારેય જાણવા ન મળે. જો કે સરકાર અને વિપક્ષોએ નવી જોગવાઈને આવકારી છે. કોગ્રેસ સાંસદ વિવેક તન્ખાએ કહ્યુ છે કે હું આની તરફેણમાં છું. પારદર્શિતા હોવી જોઈએ. ભાજપ સાંસદ રાકેશ સિહાએ કહ્યુ કે ચુંટણીમાં સુદારની દિશામાં આ એક સારુ પગલું છે. આનાથી કોઈ પણ પાર્ટીને લાભ કે નુકશાન નહીં થાય.

રાષ્ટ્રીય પક્ષોને મળતા દાનમાંથી આશરે રુ.૨૨ કરોડ એવી કંપનીઓના હતા કે જેમના વિશે આ સ્પષ્ટ ન હતું કે તેઓ શું કામ કરે છે. બીજી બાજુ આશરે ૧૨૦ કરોડ આપનાર ૯૧૬ કંપનીઓના સરનામાનો કોઈ ઉલ્લેખ નથી.૭૬ કંપનીઓ એવી હતી કે જેના પાન ખાતાની જાણકારી નહતી. અને જેમણે પક્ષોને રુ. ૨ કરોડનું દાન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સરકારે અગાઉ રાજકીય પક્ષોને મળતાં દાનમાં પારદર્શિતાની વાત કરી હતી.પરંતુ એડીઆરના રિપોર્ટમાં આ વાત જાહેર થતાં તેના ઉપર સવાલો પેદા થયા હતા.જો કે હાલમાં માત્ર વિદેશમાંથી મળતાં દાનની માહીતી આપવી ફરજીયાત છે.પરંતુ દેશની બેનામી કંપનીઓ પાસેથી મળતા દાન અંગે હજુ કોઈ સ્પષ્ટતા કરાઈ ન હોવાથી પારદર્શિતાનો સવાલ જેમનો તેમ છે.

# રાજ્યમાં બે વર્ષમાં ૨૫૫ કરોડનો બિયર તથા દેશી-વિદેશી દારુ પકડાયો

ગાંધીને નામે દારુબંધી દાખલ કરીને ગુજરાતને દારુની બદીથી ખદબદતું રાખવા માટે કોણ જવાબદાર ? રાજ્યમાં બે વર્,માં રુ. ૨૫૫ કરોડનો બિયર તથા દેશી-વિદેશી દારુ પકડાયો.ગુજરાતમાં દારુબંધીનો ચુસ્ત અમલ કરવામાં આવે છે તેવી ડિંગો હાંકતી ગુજરાત સરકારે આપેલા આ આંકડા છે.આ આંકડા પરથી સાબિત થાય છે કે કહેવાતી દારુબંધીના નામે ગુજરાતમાં દારુની રેલમ છેલમ પાછળ કોક તો જવાબદાર છે. હવે તો બુટલેગરોને સ્થાને પોલીસ કર્મીઓ જ દારુના રેકેટ ચલાવતા માલુમ પડ્યા છે.અધિકારીઓની મીલીભગત હોવાથી ખુલ્લે આમ દારુ મળતો રહે છે.પોલીસ માત્ર પૈસા પડાવવાના હેતુંથી જ દારુ પકડવાનું નાટક કરે છે.અનેક પોલીસ કર્મીઓ દારુબંધીની નિતીથી રોડપતિમાંથી કરોડોપતિ બની ગયા છે.રાજ્ય વિધાનસભામાં કોગ્રેસના ધારાસભ્યો દ્વારા પુછાયેલા પ્રશ્નોના લેખિત જવાબમાં ગૃહવિભાગ તરફથી આ માહિતી જાહેર કરાઈ હતી.જેમાં છેલ્લા બે વર્ષમાં રુ.૨૫૫ કરોડનો દારુ પકડાયો હોવાની માહીતી હતી.

# કર્ણાટકમાં પણ ૧૦ ધારાસભ્યો ભાજપની સાથે જોડાવવા માટે રાજીનામાં આપ્યા પરંતુ તેમનો સ્વીકાર થયો નથી

કર્ણાટકમાં કોગ્રેસ અને જેડી(એસ) સરકારને આંચકો આપતાં ૧૦ એમએલએ રાજીનામાં આપ્યા છે. પરંતુ કોકડું ગુંચવાયેલું છે.સુપ્રીમના આદેશ બાદ સ્પીકરે રાજીનામું યોગ્ય ફોર્મેટમાં છે, પરંતુ તે યોગ્ય અને સ્વૈચ્છીક છે કે કેમ તેની ખરાઈ બાદ જ નિર્ણય લેવાશે.તત્કાળ નિર્ણય લેવાની શક્યતા તેમણે નકારી કાઢી છે.તેથી વિરોધીઓ તત્કાળ સરકાર ગબડાવવામાં સફળ બન્યા નથી.

હોર્સ ટ્રેડીંગમાં માહેર બેઉ પક્ષો પોત પોતાનું એડીચોટીનું જોર આજમાવી રહયા છે. ન્યાયતંત્રની ભુમિકા પણ અસરકારક નીવડી નથી. અધ્યક્ષે પોતાની સત્તાનો ઉપયોગ કરવાનું મુનાસીબ માનતાં હવે ફલોર પર જે વિજેતા બનશે તેનો દાવ સફળ થશે એમ મનાય છે.




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# અયોધ્યા વિવાદમાં સુમેળભર્યો ઉકેલ ન આવે તો સુપ્રીમમાં ૨૫ થી સુનાવણી શરુ કરાશે



સુપ્રીમ કોર્ટે રામ જન્મભુણિ-બાબરી મસ્જીદ અયોધ્યા જમીન વિવાદમાં ચાલી રહેલી મધ્યસ્થીની પ્રક્રિયા અંગે એક અઠવાડીયાની અંદર નવો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે.કોર્ટે સ્પષ્ટતા કરી છે કે જો આ વિવાદમાં પ્રશ્નનો સુમેળભર્યો ઉકેલ નહિ આવે તો તે ૨૫ જુલાઈથી આ મામલે રોજીંદા ધોરણે સુનાવણી કરશે. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની અધ્યક્ષપદ હેઠળની પાંચ જજની બધારણીય બેન્ચે ત્રણ સભ્યોની મધ્યસ્થી પેનલના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના પુર્વ જજ જસ્ટીસ(નિવૃત) એફએમઆઇ કલીફુલ્લાને વિનંતી કરી હતી કે તે ૧૮ જુલાઈ સુધી આ રિપોર્ટ ચોયા બાદ જો એવું જણાશે તો કે મધ્યસ્થી થકી સુમેળભર્યા ઉકેલ નહીં આવે તો સુપ્રીમ કોર્ટ ૨૫ જુલાઈથી રોજીંદી સુનાવણી શરુ કરશે. બેન્ચે ઉમેર્યું હતું કે અમને એવું યોગ્ય લાગે છે કે જસ્ટીસ કુલીફુલ્લાને આજની તારીખ સુધી મધ્યસ્થીની પ્રગતિ અંગે માહીતી આપવાની વિનંતી કરવામાં આવે. આ પ્રક્રિયા હાલમાં કેટલે પહોચી છે તે અંગે જાણ કરે. તેઓ આગામી ગુરુવાર સુધી આ રિપોર્ટ ફાઈલ કરે અને એપછી જ અમે વધુ આદેશો જારી કરીશું.એક વાસ્તવિક અરજદારના કાનુની વારસદાર ગોપાલસિંહ વિશારદ દ્વારા ફાઈલ કરવામાં આવેલી અરજીની સુનાવણી વેળાએ સુપ્રીમ કોર્ટે આદેશ જારી કર્યો હતો.

## જાણવા જેવું !

પહેલી ત્રિકોણ ટપાલટીકીટ ૧૮૫૩માં કેપ ઓફ ગુડહોપમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ફ્રાન ફિલીપ્સ ઉત્તર ધ્રુવ પર પહોચનારી પ્રથમ મહીલા હતી.તેમણે આ સિધ્ધિ ૫ એપ્રિલ,૧૯૭૧ના રોજ મેળવી હતી.

કોલબંસ પહેલાં ફર્ડિનાન્ડ મેગલન અમેરીકા ખંડ શોધવા માટે નિકળ્યો હતો.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ગુજરાતના નવા રાજ્યપાલ તરીકે આચાર્ય દેવવ્રતના નામની રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ઘોષણા



આચાર્ય દેવવ્રત ગુજરાતના નવા ગર્વનર તરીકે નિયુક્ત થયા છે. મુળે આરએસએસના પ્રચારક એવા આચાર્ય દેવવ્રત આ અગાઉ ૨૦૧૫ થી હિમાચલ પ્રદેશના ગર્વનર હતા. જ્યાં હવે નવા ગર્વનર તરીકે કલરાજ મિશ્રા મુકાયા છે.

હરિયાણાના સમાલખા ખાતે ૧૮મી જાન્યુઆરી ૧૯૫૯માં જન્મેલા આચાર્ય દેવવ્રત હરિયાણાની ગુરુકુળ સંસ્થામાં ૧૯૮૧થી પ્રિન્સીપાલ તરીકે સેવા આપી હોઇ તેઓ આચાર્યના ઉપનામથી ઓળખાય છે. તેઓ પંજાબ યુની.માંથી હિન્દી વિષય સાથે અનુસ્નાતકની ડીગ્રી ધરાવે છે. સાથોસાથ તેઓ નવી દિલ્હીની ઓળ ઇન્ડીયા કાઉન્સીલ ફોર નેચરોપેથીમાંથી ડોકટર ઓફ નેચરોપેથી એન્ડ યોગિક સાયન્સની ડીગ્રી ધરાવે છે. કન્યા કેળવણી અને પર્યાવરણ જાળવણી તેમના રસના વિષયો છે. અગાઉ ગુજરાતના રાજયપાલ હવાલો પાડોશના રાજસ્થાન અથવા મધ્યપ્રદેશના ગર્વનરને સોપવાની ચર્ચા હતી. જો કે રાજ્યપાલ ઓ.પી.કોહલીની ટર્મ પુરી થયવાના છેલ્લા દિવસે આચાર્ય દેવવ્રતને રાષ્ટ્રપતિએ ગુજરાતના રાજયપાલ તરીકે નિયુક્તિ આપતાં તમામ અટકળોનો અંત આવ્યો છે.

આગામી ઓગષ્ટ સુધીમાં મહારાષ્ટ્ર,ગોવા, કર્ણાટક, પશ્ચિમ બંગાળ,યુપી,કેરળ અને નાગાલેન્ડમાં રાજયપાલોની મુદત પુરી થશે ત્યારે નવા રાજયપાલોની નિમણુંક થશે તેમાં પાર્ટી કેવા નવા ચહેરા આપે છે તે જોવાનું રહેશે.કર્ણાટકમાં ગુજરાતના વજુભાઇ વાળા છે તેમને ત્યાં મુદતમાં વધારો મળી શકે છે કારણકે ત્યાં રાજકીય ઘમસાણ છે.

# બાલાકોટ એરસ્પેસ ભારત માટે બંધ રાખતી પાકિસ્તાન

બાલાકોટ એર સ્ટ્રાઇક બાદ પાકિસ્તાને પોતાની એરસ્પેસ બંધ કરી રાખી છે. હવે પાકિસ્તાને કહ્યુ છે કે ભારતની કોમર્શીયલ ઉડાનો માટે એ જ્યાં સુધી પોતાની એરસ્પેસ ખોલશે નહીં જ્યાં સુધી ભારતીય વાયુસેના અગ્રીમ એરબેઝથી લડાકુ વિમાનો હટાવશે નહીં. પાકિસ્તાનના નાગરિક ઉડ્ડયન સચિવ શાહરુખ નુસરતે સંસદીય સમિતિને આ માહીતી આપી હતી.

પુલવામાં આતંકી હુમલા બાદ બાલા કોટમાં જૈશ-એ-મોહમ્મદના આતંકી કેમ્પો પર ભારતીય વાયુસેનાએ કરેલા હુમલા બાદ પાકિસ્તાને ૨૬ફેબ્રુઆરીએ પોતાની એરસ્પેસ સંપુર્ણ રીતે બંધ કરી હતી. ડોન ન્યુઝના અહેવાલ અનુસાર વિમાનન સચિવ નુસરતે સેનેટની સ્ટેડિંગ કમિટીને જાણકારી આપી હતી કે એમના વિભાગે ભારતીય અધિકારીઓને સુચના આપી છે કે પાકિસ્તાનની એરસ્પેસ ભારત માટે ત્યાં સુધી ઉપલબ્ધ હશે નહીં જ્યા સુધી ભારત પોતાના એરફોર્સના યુધ્ધ વિમાનો અગ્રિમ બેઝકેમ્પોમાંથી હટાવશે નહીં.

નુસરતે વધુમાં કહ્યુ કે ભારત સરકારે અમને સંપર્ક કરીને એરસ્પેસ ખોલવાની વિનંતી કરી હતી. પાકિસ્તાને પોતાની ચંતા અંગે ભારતને વાકેફ કર્યુ છે કે ભારત પહેલાં પોતાના અગ્રિમ એરબેઝ કેમ્પથી પોતાના લડાકુ વિમાનો હટાવે.

જો કે આ પહેલા કેટલીક એવી જાહેરાતો કરવામાં આવી હતી કે પાકિસ્તાને પોતાની એરસ્પેસ ખોલી નાંખી છે. પરંતુ તે ફેક ન્યુઝ હતા.

# ગુજરાત સરકાર દ્વારા જુની સોસાયટીઓના રિડેવલપમેન્ટ માટે ડ્રાફ્ટ રુલ્સ જાહેર કરવામાં આવ્યા



ગુજરાત સરકારે ખાનગી હાઉસીંગ સોસાયટીમાં રિડેવલપમેન્ટ કરવા માટે ગત વિધાનસભા સત્ર દરમિયાન ગુજરાત ઓનરશીપ ફ્લેટ એકટ ૧૯૭૩માં સુધારો કર્યો બાદ તે સુધારા વિધેયકને ભારત સરકારની મંજુરી મળ્યા પછી શહેરી વિકાસ વિભાગે તે સંદર્ભે નિયમોનું જાહેરનામું બહાર પાડ્યું છે. આ ડ્રાફ્ટ રુલ્સ સંદર્ભે શહેરી વિકાસ વિભાગે ૩૦ દિવસ દરમિયાન નાગરિકો પાસેથી સુચનો મંગાવ્યા છે. સુચનો મળ્યા બાદ તેમાં ફેરફારને અવકાશને આધારે રુલ્સ સાથે આ એકટ અમલમાં આવતાં જુની સોસાયટીઓના રિડેવલપમેન્ટ માટે માર્ગ મોકળો થશે.

રિડેવલપમેન્ટ પ્રોજેકટ માટે જુની હાઉસીંગ સોસા.ના ઓછામાં ઓછા ૭૫ ટકા સભ્યોની મંજુરી અનિવાર્ય છે.જાહેર થયેલા ડ્રાફ્ટ રુલ્સમાં જણાવાયું છે કે આ પ્રોજેક્ટ માટે અરજી કર્યાના ૩૦ દિવસમાં હાઉસીંગ સોસા. અથવા એસોસીએશનની કારોબારી સમિતિની સ્પેશીયલ જનરલ સભા બોલાવવી પડશે. જેમાં રિડેવલપમેન્ટ માટે મંજુરી લેવી પડશે. ત્યારબાદ આર્કિટેક્સ,પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ નિયુક્તિ કરવા માટે અલગથી કારોબારી સમિતિની રચના કરવાની રહેશે. જેના દ્વારા બધાજ નિર્ણયો લેવાના રહેશે. આ રીતે નિયુક્ત થયેલા આર્કિટેક્સ,પ્રોજેક્ટ કન્સલટન્ટ ટેન્ડર બહાર પાડીને લાયકાત ધરાવતા કોન્ટ્રાકટર,બિલ્ડર કે ડેવલપરને રિડેવલપમેન્ટ માટે આંમત્રિત કરશે.

રિડેવલપમેન્ટ કરનાર ડેવલપરે ચોક્કસ સમય મર્યાદામાં પ્રોજેકટને પુરો કરવાનો રહેશે. નિયુક્ત થયેલા ડેવલપે કારોબારી સમિતિને બેંક ગેરંટી રજુ કરવાની રહેશે.જ્યાં સુધી રિડેવલપમેન્ટનું કામ પુર્ણ ન થાય ત્યાં સુધી સોસા.ના સભ્યોને વૈકલ્પિક રહેણાંક વ્યવસ્થા મફત પુરી પાડવાની રહેશે. અથવા તો ચોક્કસ રોકડ રકમ આપવાની રહેશે. આ રીતે બંને પક્ષે રજીસ્ટ્રેશન એકટ૧૯૦૮ હેઠળ કરારો કરવાના રહેશે.

રિડેવલપ કર્યા બાદ આકાર પામનારી નવી સોસા.માં નવા સભ્યો ઉમેરવા બાબતે ડેવલપર કરાર કરશે. રિડેવલપ થયેલા નવા પ્રોજેકટમાં યુનીટ દીઠ કાર્પેટ એરીયા કેટલો રાખવો તે અંગે પણ ડેવલપરને કરાર કરીને સુનિશ્ચિત કરવું પડશે. ડેવલપરને મિલ્કત વેચવાનો, તબદિલ કરવાનો અને તેના નિકાલ કરવાના અધિકારો સુપ્રત કરવા સંદર્ભે પણ કરાર અનિવાર્ય છે. પ્રોજેકટ નિષ્ફળ જાય અથવા તો કરાર ભંગ થાય તેવા કિસ્સામાં પ્રોજેકટને રદ બાતલ કરવા સંદર્ભે પણ ડેવલપર સાથે કરાર થશે.

પક્ષકારો સાથે કરાર થયા મુજબ શિફટીંગ ચાર્જ,કોમન ઇન્ફાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ, પ્રોજેકટ પુરો ન થયો હોય તો તેની પેનલ્ટી, રિડેવલપમેન્ટ વર્ક વિગેરે માટે કોર્પસ ફંડ ડેવલપરે આપવાનું રહેશે.

## જાણવા જેવું !

ભારતની પ્રથમ બોલતી ફિલ્મ આલમઆરા હતી

ભીના પ્લાસ્ટર પર તૈયાર કરવામાં આવેલા ચિત્રોને ફ્રેસ્કો કહે છે.

વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.

વિશ્વમાં જાઇન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.